# HISTORY

**PAPER-III**
**OCT-14/08**

Name & Signature of the Invigilator

..............................................

..............................................

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ..........................................

..........................................................................................

**Time : 2.30 Hours]** **No. of Printed Pages : 32** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy five (75)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **[A]** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper III only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પંચોતેર (૭૫)** પ્રશ્નો આપેલા છે. **બધા જ પ્રશ્નો ફરજિયાત છે.**
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **[A]** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર—૩ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## HISTORY
## PAPER - III

## ઈતિહાસ
## પેપર–III

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/assertion and reasoning matching questions, each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો, 'સાચું-ખોટું' અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. The term 'microliths' is applied to the stone tool type of :

   (A) Palaeolithic

   (B) Mesolithic

   (C) Neolithic

   (D) Chalcolithic

1. કયા યુગના પથ્થરના ઓજારો લઘુપાષાણ ઓજાર ('સૂક્ષ્માશ્મ') તરીકે ઓળખાય છે ?

   (A) પ્રાચીનપાષાણયુગીન (પુરાશ્મયુગીન)

   (B) મધ્યપાષાણયુગીન (મધ્યાશ્મયુગીન)

   (C) નૂતનપાષાણયુગીન (નવાશ્મયુગીન)

   (D) તામ્રપાષાણયુગીન (તામ્રાશ્મયુગીન)

2. Which Chalcolithic site has yielded the evidence of bronze chariot ?

   (A) Inamgaon

   (B) Daimabad

   (C) Nevasa

   (D) Ahar

2. કયા તામ્રપાષાણયુગીન (તામ્રાશ્મયુગીન) સ્થળેથી કાંસાના રથના પુરાવા મળ્યા છે ?

   (A) ઈનામગાંવ

   (B) દાયમાબાદ

   (C) નેવાસા

   (D) આહડ

3. Match the archaeological sites in List I with the states in List II in which they are located and choose the answer from the codes given below it :

| | List I | | List II |
|---|---|---|---|
| (*i*) | Burzahom | (1) | Rajasthan |
| (*ii*) | Ganeshvar | (2) | Baluchisthan |
| (*iii*) | Inamgaon | (3) | Kashmir |
| (*iv*) | Mehergarh | (4) | Maharashtra |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (3) | (4) | (2) |
| (B) | (2) | (1) | (3) | (4) |
| (C) | (3) | (1) | (4) | (2) |
| (D) | (1) | (2) | (3) | (4) |

4. Radio carbon dating method was invented by :

(A) Max Mueller

(B) H. D. Sankalia

(C) John Miller

(D) W. Libby

3. યાદી I માં દર્શાવેલાં પુરાતત્વીય સ્થળોને યાદી II માં આપેલાં રાજયો સાથે જોડો :

| | યાદી I | | યાદી II |
|---|---|---|---|
| (*i*) | બુર્ઝાહોમ | (1) | રાજસ્થાન |
| (*ii*) | ગણેશ્વર | (2) | બલુચીસ્તાન |
| (*iii*) | ઈનામગાંવ | (3) | કાશ્મીર |
| (*iv*) | મેહરગઢ | (4) | મહારાષ્ટ્ર |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (3) | (4) | (2) |
| (B) | (2) | (1) | (3) | (4) |
| (C) | (3) | (1) | (4) | (2) |
| (D) | (1) | (2) | (3) | (4) |

4. રેડિયો કાર્બન ડેટીંગ પદ્ધતિ કોણે શોધી હતી ?

(A) મેકસ મ્યૂલર

(B) એચ. ડી. સાંકળિયા

(C) જૉન મિલર

(D) ડબલ્યુ. લિબી

5. The biggest Harappan Site in Gujarat is :

(A) Lothal

(B) Dholavira

(C) Rojdi

(D) Padri

6. Which of the following texts is *not* included in *Shruti* literature ?

(A) Samhita

(B) Brahmana

(C) Upanishad

(D) Purana

7. Which of the following deities was *not* very important in the *Rigveda Samhita* ?

(A) Indra

(B) Agni

(C) Vishnu

(D) Surya

5. ગુજરાતમાં હડપ્પનયુગનું સૌથી મોટું પુરાસ્થળ કયું છે ?

(A) લોથલ

(B) ધોળાવીરા

(C) રોજડી

(D) પાદરી

6. શ્રુતિ સાહિત્યમાં નીચેનામાંથી કયા ગ્રંથોનો સમાવેશ થતો નથી ?

(A) સંહિતા

(B) બ્રાહ્મણો

(C) ઉપનિષદો

(D) પુરાણો

7. ઋગ્વેદ સંહિતામાં નીચેનામાંથી કયા દેવ ખાસ મહત્વના ન હતા ?

(A) ઈન્દ્ર

(B) અગ્નિ

(C) વિષ્ણુ

(D) સૂર્ય

8. In the Vedic literature, the term 'langala' means :

(A) Tree

(B) Grain

(C) Plough

(D) Horse

8. વૈદિક સાહિત્યમાં 'લાંગલ' શબ્દનો અર્થ શો થાય છે ?

(A) વૃક્ષ

(B) અનાજ

(C) હળ

(D) અશ્વ

9. During the 6th century B.C. what does the term '*sethis*' signify ?

(A) Peasant proprietors

(B) Lord of the house

(C) Head of the trade guild

(D) Head of the village assembly

9. ઈ.સ.પૂ. છઠ્ઠી દરમ્યાન 'શેઠી' શબ્દ શું સૂચવે છે ?

(A) જમીન માલિક ખેડૂત

(B) ઘરનો માલિક

(C) વેપારી મંડળનો વડો

(D) ગ્રામસભાનો વડો

10. Who among the following Mauryan rulers is said to have visited Sravanabelagola, the Jain pilgrimage centre in Karnataka region ?

(A) Chandragupta Maurya

(B) Bindusara

(C) Ashoka

(D) Brihadratha

10. નીચે દર્શાવેલા મૌર્ય શાસકોમાંથી કોણે કર્ણાટક પ્રદેશમાં આવેલા જૈન યાત્રાધામ શ્રવણબેલગોલાની મુલાકાત લીધી હતી ?

(A) ચંદ્રગુપ્ત મૌર્ય

(B) બિંદુસાર

(C) અશોક

(D) બૃહદ્રથ

11. Match List I with List II and choose your answer from the codes given below it :

| List I | List II |
|---|---|
| (*i*) Junagadh Inscription | (1) Harshavardhana |
| (*ii*) Mehrauli Iron Pillar Inscription | (2) Pushyagupta |
| (*iii*) Banskhera Inscription | (3) Chandragupta II |
| (*iv*) Aihole Inscription | (4) Pulkeshin II |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (1) | (4) |
| (B) | (1) | (2) | (4) | (3) |
| (C) | (3) | (4) | (2) | (1) |
| (D) | (4) | (1) | (2) | (3) |

12. Who among the following kings was the first to issue a long inscription in Sanskrit :

(A) Ashoka

(B) Rudradaman

(C) Kharavela

(D) Gondopharnes

11. યાદી I ને યાદી II સાથે સરખાવી નીચે દર્શાવેલા સાંકેતિક સમૂહમાંથી તમારો જવાબ શોધો :

| યાદી I | યાદી II |
|---|---|
| (*i*) જુનાગઢ અભિલેખ | (1) હર્ષવર્ધન |
| (*ii*) મેહરૌલી લોહસ્થંભ અભિલેખ | (2) પુષ્યગુપ્ત |
| (*iii*) બાંસખેડા અભિલેખ | (3) ચંદ્રગુપ્ત–૨ |
| (*iv*) ઐહોળે અભિલેખ | (4) પુલકેશી–૨ |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (3) | (1) | (4) |
| (B) | (1) | (2) | (4) | (3) |
| (C) | (3) | (4) | (2) | (1) |
| (D) | (4) | (1) | (2) | (3) |

12. સંસ્કૃતમાં સૌ પ્રથમ સુદીર્ઘ અભિલેખ તૈયાર કરાવનાર રાજવી નીચેનામાંથી કોણ હતો ?

(A) અશોક

(B) રુદ્રદામન

(C) ખારવેલ

(D) ગોંદોફર્નીસ

13. Which of the following pairs is *incorrect* ?

(A) Kalinga — Gaya

(B) Avanti — Ujjaini

(C) Uttarapatha — Takshashila

(D) Dakshinapatha— Suvarnagiri

14. Which Gupta ruler issued 'King and Queen' type of coins ?

(A) Chandra Gupta I

(B) Samudra Gupta

(C) Kumara Gupta

(D) Skanda Gupta

15. Match the historians from List I with their views given in List II on the decline of the Mauryan Empire and find the correct answer from the codes given below it :

| List I | List II |
|---|---|
| (*i*) Haraprasad Shastri | (1) Ashoka's pacifist policy |
| (*ii*) H. C. Raychaudhuri | (2) Brahmanical Revolt |
| (*iii*) Romila Thapar | (3) Pressure on the Mauryan Economy |
| (*iv*) D. D. Kosambi | (4) Highly centralised administration |

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (3) | (4) |
| (B) | (2) | (1) | (4) | (3) |
| (C) | (1) | (2) | (4) | (3) |
| (D) | (4) | (1) | (3) | (2) |

13. નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

(A) કલિંગ — ગયા

(B) અવન્તિ — ઉજ્જયિની

(C) ઉત્તરાપથ — તક્ષશિલા

(D) દક્ષિણાપથ — સુવર્ણગિરિ

14. કયા ગુપ્ત રાજવીએ 'રાજા અને રાણી' પ્રકારના સિક્કાઓ બહાર પાડ્યા હતા ?

(A) ચંદ્ર ગુપ્ત–૧

(B) સમુદ્ર ગુપ્ત

(C) કુમાર ગુપ્ત

(D) સ્કન્દ ગુપ્ત

15. યાદી I ના ઇતિહાસકારોને યાદી II માં આપેલા મૌર્ય સામ્રાજયના પતન અંગે તેમનાં મંતવ્યો સાથે સરખાવો :

| યાદી I | યાદી II |
|---|---|
| (*i*) હરપ્રસાદ શાસ્ત્રી | (1) અશોકની શાંતિ–વાદી નીતિ |
| (*ii*) એચ.સી. રાયચૌધરી | (2) બ્રાહ્મણોનો બળવો |
| (*iii*) રોમિલા થાપડ | (3) મૌર્ય અર્થતંત્રની કટોકટી |
| (*iv*) ડી.ડી. કોસમ્બી | (4) વહીવટીતંત્રનું અતિકેન્દ્રીકરણ |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (3) | (4) |
| (B) | (2) | (1) | (4) | (3) |
| (C) | (1) | (2) | (4) | (3) |
| (D) | (4) | (1) | (3) | (2) |

16. The fourth Buddhist Council convened by Kanishka was presided over by :

(A) Parshva

(B) Vasumitra

(C) Ashvaghosha

(D) Nagarjuna

17. Who among the following Rashtrakuta rulers wrote the famous text on Kannada poetry ?

(A) Dhruva

(B) Amoghavarsha I

(C) Govind III

(D) Krishna II

18. Which of the listed dynasties issued the largest number of gold coins ?

(A) Satavahanas

(B) Kushanas

(C) Mauryas

(D) Guptas

16. કનિષ્કે બોલાવેલી ચોથી બૌદ્ધ ધર્મ સભાના અધ્યક્ષ કોણ હતા ?

(A) પાર્શ્વ

(B) વસુમિત્ર

(C) અશ્વઘોષ

(D) નાગાર્જુન

17. કન્નડ કાવ્ય પર પ્રખ્યાત ગ્રંથની રચના નીચેનામાંથી કયા રાષ્ટ્રકૂટ શાસકે કરી હતી ?

(A) ધ્રુવ

(B) અમોઘવર્ષ–૧

(C) ગોવિંદ–૩

(D) કૃષ્ણ–૨

18. નીચેની યાદીમાંના કયા રાજવંશે સૌથી વધુ સોનાના સિક્કા બહાર પાડ્યા હતા ?

(A) સાતવાહન

(B) કુષાણ

(C) મૌર્ય

(D) ગુપ્ત

19. Which text gives the details on the accession of Chandragupta ?

(A) *Mudrarakshasa*

(B) *Arthashastra*

(C) *Priyadarshika*

(D) *Mrichchhakatikam*

20. Writing about the volume of Indo-Roman trade, who bitterly remarked on the drain of Roman wealth ?

(A) Ptolemy

(B) Pliny

(C) Author of *Periplus of the Erythrean Sea*

(D) Fa-Hsien

21. Which amongst the following is *not* a Buddhist text ?

(A) Vinaya Pitaka

(B) Sutta Pitaka

(C) Aranya Pitaka

(D) Jatakas

19. ચંદ્રગુપ્તના રાજયારોહણ અંગે નીચેનામાંથી કયો ગ્રંથ વિગતે માહિતિ આપે છે ?

(A) મુદ્રારાક્ષસ

(B) અર્થશાસ્ત્ર

(C) પ્રિયદર્શિકા

(D) મૃચ્છકટિકમ્

20. ભારત–રોમ વચ્ચેના વેપાર પર લખતાં કોણે રોમન ધનના નિર્ગમન અંગે કટુતાપૂર્વક ઉલ્લેખ કરેલો છે ?

(A) ટોલેમી

(B) પ્લિની

(C) 'પેરિપ્લસ ઓફ ધ ઈરિથ્રીઅન સી'નો લેખક

(D) ફા-હિયાન

21. નીચેમાંથી કયો ગ્રંથ બૌદ્ધગ્રંથ નથી :

(A) વિનય પિટક

(B) સૂત્ત પિટક

(C) અરણ્ય પિટક

(D) જાતકો

22. The use of the term '*Saptanga*' in the *Arthashastra* refers to :

(A) Seven limbs of the state

(B) Seven central ministers

(C) Seven sources of revenue

(D) Seven agrarian taxes

23. Who is the author of the Sanskrit play '*Svapnavasavadattam*' ?

(A) Banabhatta

(B) Bhasa

(C) Ashvaghosha

(D) Harishena

24. Who authored the text *Brahmasphutasiddhanta* ?

(A) Brahmagupta

(B) Varahamihir

(C) Aryabhatta

(D) Charvaka

25. Who was the founder of the Maitraka dynasty in Gujarat ?

(A) Mihirabhoja

(B) Dharasena I

(C) Senapati Bhattarka

(D) Shiladitya I

22. અર્થશાસ્ત્રમાં 'સપ્તાંગ' શબ્દ કોને માટે વપરાયો છે ?

(A) રાજ્યના સાત અંગો

(B) સાત કેન્દ્રીય મંત્રીઓ

(C) મહેસૂલના સાત સ્રોત

(D) સાત કૃષિવેરા

23. સંસ્કૃત નાટક 'સ્વપ્નવાસવદત્તમ્'ના લેખક કોણ છે ?

(A) બાણભટ્ટ

(B) ભાસ

(C) અશ્વઘોષ

(D) હરિષેણ

24. 'બ્રહ્મસ્ફૂટ સિદ્ધાંત' ગ્રંથ કોણે લખ્યો હતો ?

(A) બ્રહ્મગુપ્ત

(B) વરાહમિહિર

(C) આર્યભટ્ટ

(D) ચાર્વાક

25. ગુજરાતના મૈત્રકવંશનો સ્થાપક કોણ હતો ?

(A) મિહિરભોજ

(B) ધરસેન–૧

(C) સેનાપતિ ભટ્ટાર્ક

(D) શિલાદિત્ય–૧

26. Qutbuddin Aibak ascended the throne at :

(A) Delhi

(B) Uchchh

(C) Multan

(D) Lahore

26. કુત્બુદ્દીન ઐબકનું રાજ્યારોહણ કયાં થયું હતું ?

(A) દિલ્હી

(B) ઉચ્છ

(C) મુલતાન

(D) લાહોર

27. Under which Sufi saint did Amir Khusrau study ?

(A) Nasiruddin Chiragh

(B) Nizamuddin Auliya

(C) Moinuddin Chishti

(D) Salim Chishti

27. અમીર ખુશરુએ નીચેનામાંથી કયા સૂફી સંત પાસે અભ્યાસ કર્યો હતો ?

(A) નસિરુદ્દીન ચિરાગ

(B) નિઝામુદ્દીન ઓલિયા

(C) મોઈનુદ્દીન ચિશ્તી

(D) સલીમ ચિશ્તી

28. The *'wazir-i-tanfiz'* was an officer who had :

(A) Control over the army

(B) Unlimited power over all aspects of administration

(C) Limited power, and merely followed instructions from the emperor

(D) Control of all *iqta* lands

28. વઝીર-ઇ-તનફીઝ નામનો અમલદાર

(A) લશ્કર પર અંકુશ ધરાવતો હતો

(B) વહીવટના તમામ પાસાંઓ પર અમર્યાદિત સત્તા ધરાવતો હતો

(C) મર્યાદિત સત્તા ધરાવતો હતો અને મહદ્ અંશે સમ્રાટ તરફથી મળેલી સૂચનાઓને અનુસરતો હતો

(D) તમામ 'ઇકતા' જમીનો પર અંકુશ ધરાવતો હતો

29. Given below are two statements : One is labelled **'Assertion'** (A) and the other is labelled **'Reason'** (R). Identify the *correct* answer from the choices given below.

**(A)** The Sur Empire was essentially a continuation and culmination of the Delhi Sultanate.

**(R)** Sher Shah re-established law and order across the length and breadth of the empire.

(A) Both **(A)** and **(R)** are true and **(R)** is the correct explanation of **(A)**

(B) **(A)** is true but **(R)** is false

(C) **(A)** is false but **(R)** is true

(D) Both **(A)** and **(R)** are individually true but **(R)** is not the correct explanation of **(A)**

30. Babur established his capital at :

(A) Lahore

(B) Delhi

(C) Agra

(D) Multan

29. નીચે બે વિધાનો આપેલાં છે : એક 'અભિકથન' **(A)** છે, બીજું કારણ **(R)** છે. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો :

**(A)** સૂર સામ્રાજય વાસ્તવમાં દિલ્હી સલ્તનતનાં સાતત્ય અને પરાકાષ્ટા સમાન હતું.

**(R)** શેરશાહે સમગ્ર સામ્રાજયમાં કાયદા અને વ્યવસ્થાની પુનઃ સ્થાપના કરી હતી.

(A) **(A)** અને **(R)** બંને સાચાં છે અને **(R)** એ **(A)** નું સાચું કારણ છે

(B) **(A)** સાચું છે પરંતુ **(R)** ખોટું છે

(C) **(A)** ખોટું છે પરંતુ **(R)** સાચું છે

(D) **(A)** અને **(R)** બંને પોતાની રીતે સાચાં છે, પરંતુ **(R)** એ **(A)** નું સાચું કારણ નથી

30. બાબુરે પોતાની રાજધાની કયાં સ્થાપી હતી ?

(A) લાહોર

(B) દિલ્હી

(C) આગ્રા

(D) મુલતાન

31. Which of the following Mughal Emperors never established a permanent capital ?
(A) Babur
(B) Humayun
(C) Akbar
(D) Aurangzeb

32. Given below are two statements. One is labelled **'Assertion' (A)** and the other is labelled **Reason (R)**. Identify the *correct* answer from the choices given below.
**(A)** The *Mahzar Nama* declared that Akbar was in the position of Khalifa.
**(R)** Akbar needed to assert his control over the ulema and the umrah.
(A) Both **(A)** and **(R)** are true and **(R)** is the correct explanation of **(A)**
(B) **(A)** is true but **(R)** is false
(C) **(A)** is false but **(R)** is true
(D) Both **(A)** and **(R)** are individually true but **(R)** is not the correct explanation of **(A)**

31. નીચેનામાંથી કયા મુગલ શહેનશાહે કાયમી રાજધાની રાખી ન હતી ?
(A) બાબુર
(B) હુમાયૂં
(C) અકબર
(D) ઔરંગઝેબ

32. નીચે બે વિધાનો આપેલાં છે : એક 'અભિકથન' **(A)** છે, અને બીજું કારણ **(R)** છે. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો :
**(A)** 'મહજરનામા' એ જાહેર કર્યું કે અકબર ખલીફાના સ્થાને હતો.
**(R)** અકબર માટે ઉલેમા અને ઉમરા ઉપર પોતાનો અંકુશ સ્થાપવો જરૂરી હતો.
(A) **(A)** અને **(R)** બંને સાચા છે અને **(R)** એ **(A)** નું સાચું કારણ છે
(B) **(A)** સાચું છે પરંતુ **(R)** ખોટું છે
(C) **(A)** ખોટું છે પરંતુ **(R)** સાચું છે
(D) **(A)** અને **(R)** પોતાની રીતે સાચાં છે પરંતુ **(R)** એ **(A)** નું સાચું કારણ નથી

33. The Nurjahan Junta primarily had :

(A) Two members

(B) Three members

(C) Four members

(D) Five members

34. The Mughal-Maratha conflict escalated after :

(A) The Afzal Khan episode

(B) The raid on Surat

(C) The decline of the Bijapur Sultanate

(D) The establishment of Shivaji's control over the Konkan region

35. Through much of the mediaeval period the internal trade of India was handled by :

(A) The guilds (*shrenis*)

(B) The *baniyas*

(C) The *banjaras*

(D) The *nagarsheths*

33. નૂરજહાંની ટોળકી (જૂથ) માં પ્રારંભે કેટલા સભ્યો હતા ?

(A) બે સભ્યો

(B) ત્રણ સભ્યો

(C) ચાર સભ્યો

(D) પાંચ સભ્યો

34. કઈ ઘટના પછી મુગલ મરાઠા સંઘર્ષ વધુ તીવ્ર બન્યો ?

(A) અફઝલખાન ઘટના

(B) સુરત પરનો હુમલો

(C) બીજાપુર સલ્તનતની અવનતિ

(D) કોંકણ વિસ્તાર પર શિવાજીના અંકૂશની સ્થાપના

35. મધ્યયુગના મોટા ભાગ દરમ્યાન ભારતનો આંતરિક વેપાર કોને હસ્તક હતો ?

(A) શ્રેણીઓ

(B) વાણિયા

(C) વણઝારા

(D) નગરશેઠ

36. *Ghalla bakshi* was a method of land revenue collection that :

(A) Favoured the state

(B) Favoured the peasantry

(C) Involved detailed measurement of land

(D) Involved division of the crop without measurement or assessment

37. In official documents a generic term for the peasantry was :

(A) *Riaya*

(B) *Zamindar*

(C) *Malik*

(D) *Dehati*

38. *Ganj* in Mughal times was a :

(A) Small urban centre

(B) A port

(C) A provincial administrative centre

(D) A place with a permanent market

36. જમીન મહેસૂલની ગલ્લા-બક્ષી પદ્ધતિ :

(A) રાજ્યને ફાયદાકારક હતી

(B) ખેડૂતોને ફાયદાકારક હતી

(C) જમીનની વિગતવાર માપણી કરતી હતી

(D) માપ કે આકારણી વગર પાકની વહેંચણી કરતી હતી

37. સરકારી દફતરોમાં ખેડૂત વર્ગ માટે વપરાતો વ્યાપક શબ્દ કયો હતો ?

(A) રીયાયા

(B) જમીનદાર

(C) માલિક

(D) દેહાતી

38. મુગલ સમયમાં 'ગંજ' શબ્દનો અર્થ શો હતો ?

(A) નાનું શહેરી કેન્દ્ર

(B) બંદર

(C) પ્રાન્તીય વહીવટી કેન્દ્ર

(D) કાયમી બજારનું સ્થાન

39. Which of the following was used by the Mughals for calculation of salary but was never a real coin ?

(A) The *dam*

(B) The *tanka*

(C) The *jital*

(D) The *lari*

40. Court culture received its greatest impetus during the reign of :

(A) Humayun

(B) Akbar

(C) Jahangir

(D) Shah Jahan

41. The triple arched gate known as *Teen Darwaza* is to be found in the city of :

(A) Ahmednagar

(B) Aurangabad

(C) Allahabad

(D) Ahmedabad

39. વાસ્તવમાં સિક્કો ન હોય તેવી કઈ વસ્તુનો ઉપયોગ મુગલો પગારની ગણતરી માટે કરતા હતા ?

(A) દામ

(B) ટંકા

(C) જિતલ

(D) લારી

40. દરબારી સંસ્કૃતિને કોના સમયમાં મહત્તમ પ્રોત્સાહન મળ્યું ?

(A) હુમાયૂં

(B) અકબર

(C) જહાંગીર

(D) શાહજહાં

41. 'તીન દરવાઝા' તરીકે ઓળખાતો ત્રણ કમાનોવાળો દરવાજો કયા શહેરમાં આવેલો છે ?

(A) અહમદનગર

(B) ઔરંગાબાદ

(C) અલ્લાહાબાદ

(D) અમદાવાદ

42. The Bhakti movement in Tamil Nadu was primarily against :

(A) Brahmanism

(B) Buddhism and Jainism

(C) The caste system

(D) The use of Sanskrit

42. તમિલનાડુમાં ભક્તિ ચળવળ મુખ્યત્વે કોની વિરોધી હતી ?

(A) બ્રાહ્મણવાદ

(B) બૌદ્ધ અને જૈન ધર્મ

(C) જ્ઞાતિ વ્યવસ્થા

(D) સંસ્કૃતનો ઉપયોગ

43. Orthodox Islam began to be much more prominent from the time of :

(A) Jahangir

(B) Shah Jahan

(C) Aurangzeb

(D) Shah Alam-I

43. રૂઢિચુસ્ત ઈસ્લામનો પ્રભાવ વધવાની શરૂઆત કોના સમયમાં થઈ ?

(A) જહાંગીર

(B) શાહજહાં

(C) ઔરંગઝેબ

(D) શાહ આલમ–૧

44. Under the leadership of Mahmud Gawan, Bahmani armies penetrated in South as far as :

(A) Kanchipuram

(B) Jinji

(C) Vellore

(D) Penukonda

44. મહમૂદ ગાવાંના નેતૃત્વ નીચે બહમની લશ્કરો દક્ષિણમાં કયાં સુધી પ્રવેશ્યા હતા ?

(A) કાંચીપુરમ

(B) જિંજી

(C) વેલ્લોર

(D) પેનુકોંડા

45. Which of the following generals belonged to Gujarat and captured the throne of Delhi during the last phase of Khalji rule ?

(A) Hisamuddin

(B) Malik Kafur

(C) Nasiruddin Khushru Shah

(D) Alp Khan

45. નીચેનામાંથી કયો સેનાપતિ ગુજરાતનો વતની હતો અને જેણે ખલજી શાસનના અંતિમ તબક્કા દરમ્યાન દિલ્હીની ગાદી કબ્જે કરી હતી ?

(A) હિસામુદ્દીન

(B) મલિક કાફૂર

(C) નાસિરૂદ્દીન ખુશરુ શાહ

(D) અલપખાન

46. Manik Chand and Moti Chand, *banias* by caste, were ministers under :

(A) Ahmad Shah I of Gujarat

(B) Ghiyasuddin Azam Shah of Bengal

(C) Hushang Shah of Malwa

(D) Rana Kumbha of Mewar

46. વાણિયા જ્ઞાતિના માણિકચંદ અને મોતીચંદ કયા શાસકના પ્રધાનો હતા ?

(A) ગુજરાતના અહમદ શાહ–૧

(B) બંગાળના ગ્યાસુદ્દીન આઝમશાહ

(C) માળવાના હોશંગ શાહ

(D) મેવાડના રાણા કુંભા

47. Bahadur Shah of Gujarat challenged the Mughals by :

(A) Employing Portuguese gunners

(B) Negotiating with the Afghans in the north-west and conquering Malwa

(C) Getting the help of the Ottoman sultan

(D) Negotiating with the Rajputs to attack from Punjab and Rajasthan

48. Match the books in List I with the authors given in List II and choose the *correct* answer from the codes given below it :

| List I (Books) | List II (Authors) |
|---|---|
| (*i*) *Kitab-ul-Yamini* | (1) Zia-ud-din Barani |
| (*ii*) *Futuh-us-Salatin* | (2) Ahmad Yadgar |
| (*iii*) *Fatawa-i-Jahandari* | (3) Isami |
| (*iv*) *Tarikh-i-Salatin* | (4) Utbi |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (2) | (4) | (1) |
| (B) | (4) | (3) | (1) | (2) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (2) | (1) | (4) | (3) |

47. ગુજરાતના બહાદુરશાહે મુગલોને કઈ રીતે પડકાર આપ્યો હતો ?

(A) પોર્ટુગીઝ તોપચીઓને નોકરીએ રાખીને

(B) વાયવ્યમાં અફગાનો સાથે વાટાઘાટો કરી માલવાના વિજય દ્વારા

(C) ઓટોમન સુલતાનની મદદ મેળવીને

(D) પંજાબ અને રાજસ્થાન તરફથી આક્રમણ કરવા માટે રાજપૂતો સાથે વાટાઘાટ કરીને

48. યાદી ૧ માંના પુસ્તકોને યાદી ૨ માંના લેખકો સાથે સરખાવી સાચો જવાબ શોધો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (*i*) કિતાબ-ઉલ-યામિની | (1) ઝિયા-ઉદ-દીન બરની |
| (*ii*) ફુતુહ-ઉસ-સલાતીન | (2) અહમદ યાદગાર |
| (*iii*) ફતવા-ઇ-જહાંદારી | (3) ઈસામી |
| (*iv*) તારીખ-ઇ-સલાતીન | (4) ઉત્બી |

કોડ :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (2) | (4) | (1) |
| (B) | (4) | (3) | (1) | (2) |
| (C) | (1) | (2) | (3) | (4) |
| (D) | (2) | (1) | (4) | (3) |

49. The first major systematic work on the historians of mediaeval India was :

(A) Mohibbul Hasan's '*Historians of Mediaeval India*'

(B) Peter Hardy's '*Historians of Mediaeval India*'

(C) J. S. Grewal's '*History and Historians of Mediaeval India*'

(D) Harbans Mukhia's '*Historians and Historiography during the Reign of Akbar*'

50. The theory of 'military fiscalism' in the 18th century was put forward by :

(A) Frank Perlin

(B) P. J. Marshall

(C) Seema Alvi

(D) Burton Stein

49. મધ્યયુગીન ભારતના ઇતિહાસકારો પર સૌ પ્રથમ મહત્વની અને પદ્ધતિસરની કૃતિ કઈ છે ?

(A) મોહીબ્બુલ હસનનું 'હિસ્ટોરીઅન્સ ઓફ મીડીઇવલ ઇન્ડિયા'

(B) પીટર હાર્ડીનું 'હિસ્ટોરીઅન્સ ઓફ મીડીઇવલ ઇન્ડિયા'

(C) જે.એસ. ગ્રેવાલનું 'હિસ્ટરી એન્ડ હિસ્ટોરિઅન્સ ઓફ મીડીવલ ઇન્ડિયા'

(D) હરબંસ મુખિયાનું 'હિસ્ટોરિઅન્સ એન્ડ હિસ્ટોરીઓગ્રાફી ડયુરિંગ ધ રેઇન ઓફ અકબર'

50. અઢારમી સદીના સંદર્ભમાં 'લશ્કરી રાજકોશવાદ' નો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) ફ્રેંક પેરલીન

(B) પી. જે. માર્શલ

(C) સીમા અલવી

(D) બર્ટન સ્ટાઇન

51. Bribing the East India Company's Directors to maintain himself in office was the achievement of :

(A) Robert Clive

(B) Lord Cornwallis

(C) Warren Hastings

(D) Lord Dalhousie

52. During whose tenure did the separation of the administrative and commercial branches of the Company's service take place ?

(A) Lord Bentinck

(B) Lord Wellesley

(C) Warren Hastings

(D) Lord Cornwallis

51. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડાયરેકટરોને લાંચ આપીને પોતાના હોદ્દાને જાળવી રાખવાની આવડત કોણે હસ્તગત કરી હતી ?

(A) રોબર્ટ કલાઇવ

(B) લોર્ડ કોર્નવૉલિસ

(C) વૉરન હેસ્ટિંગ્સ

(D) લોર્ડ ડેલહાઉસી

52. કોના શાસનકાળ દરમ્યાન કંપનીની વહીવટી અને વ્યાપારી સેવાઓનું વિભાજન કરવામાં આવ્યું ?

(A) લોર્ડ બેન્ટિંક

(B) લોર્ડ વેલેસ્લી

(C) વૉરન હેસ્ટિંગ્સ

(D) લોર્ડ કોર્નવૉલિસ

53. By which Charter Act were all powers centralized in the hands of the Governor General in Council ?

(A) Charter Act of 1853

(B) Charter Act of 1793

(C) Charter Act of 1813

(D) Charter Act of 1833

54. The tenure of office of Sir Charles Metcalfe is known for :

(A) Educational Reforms

(B) Liberal Policy towards the Press

(C) War with Afghanistan

(D) War with Nepal

55. Which of the following Acts was *not* passed during the rule of Lord Lytton ?

(A) Royal Titles Act

(B) Vernacular Press Act

(C) Arms Act

(D) Factory Act

53. કયા સનદીધારા દ્વારા તમામ અધિકારોનું ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલના હાથમાં કેન્દ્રીકરણ કરવામાં આવ્યું ?

(A) ૧૮૫૩નો સનદીધારો

(B) ૧૭૯૩નો સનદીધારો

(C) ૧૮૧૩નો સનદીધારો

(D) ૧૮૩૩નો સનદીધારો

54. સર ચાર્લ્સ મેટકાફનો કાર્યકાળ શાને માટે જાણીતો છે ?

(A) શૈક્ષણિક સુધારા

(B) છાપખાના પ્રત્યે ઉદાર નીતિ

(C) અફગાનિસ્તાન સાથેનું યુદ્ધ

(D) નેપાળ સાથેનું યુદ્ધ

55. નીચેનામાંથી કયો ધારો લોર્ડ લિટનના શાસન દરમ્યાન પસાર થયો ન હતો ?

(A) રોયલ ટાઇટલ્સ એક્ટ (શાહી ખિતાબ ધારો)

(B) વર્નાક્યુલર પ્રેસ એક્ટ

(C) આર્મ્સ એક્ટ (હથિયાર ધારો)

(D) ફેક્ટરી એક્ટ (કારખાના ધારો)

56. Who was the founder of the *Bombay Presidency Association* ?

(A) Pherozeshah Mehta

(B) Chandra Shekhar Azad

(C) Anand Mohan Bose

(D) S. S. Bengalee

56. 'બોમ્બે પ્રેસિડેન્સી એસોશિએશન' ના સ્થાપક કોણ હતા ?

(A) ફિરોજશાહ મહેતા

(B) ચન્દ્રશેખર આઝાદ

(C) આનંદ મોહન બોઝ

(D) એસ. એસ. બેંગાલી

57. The Nagari Pracharani Sabha was founded in 1893. It was located at :

(A) Delhi

(B) Benares

(C) Lucknow

(D) Kanpur

57. ૧૮૯૩માં 'નાગરી પ્રચારણી સભા'ની સ્થાપના કયાં થઈ હતી ?

(A) દિલ્હી

(B) બનારસ

(C) લખનૌ

(D) કાનપુર

58. Who was the editor of the Amrita Bazar Patrika ?

(A) Surendra Nath Banerji

(B) Motilal Ghosh

(C) Aurobindo Ghosh

(D) Brahmabandhab Upadhyay

58. 'અમૃત બજાર પત્રિકા'ના તંત્રી કોણ હતા ?

(A) સુરેન્દ્રનાથ બેનરજી

(B) મોતીલાલ ઘોષ

(C) અરવિંદ ઘોષ

(D) બ્રહ્મબાંધવ ઉપાધ્યાય

59. Which nationalist leader edited the newspaper *Al Hilal* ?

(A) Hakim Ajmal Khan

(B) Mazhar-ul-Haq

(C) Maulana Abul Kalam Azad

(D) Maulana Muhammad Ali

60. Which famous Bengali writer wrote *Neel Darpan* in 1860, depicting exploitation by the British planters ?

(A) Dinabandhu Mitra

(B) Bankim Chandra Chatterjee

(C) Akshaya Kumar Dutt

(D) Bipin Chandra Pal

61. On whose suggestion did Swami Dayananda Sarasvati accept Hindi as a language for his preaching ?

(A) Maharaja of Benares

(B) Devendranath Tagore

(C) Keshub Chandra Sen

(D) Atmaram Pandurang

59. કયા રાષ્ટ્રવાદી નેતા 'અલ હિલાલ' વર્તમાનપત્રનું સંપાદન કરતા હતા ?

(A) હકીમ અજમલખાન

(B) મજહર-ઉલ-હક

(C) મૌલાના અબુલ કલામ આઝાદ

(D) મૌલાના મુહમ્મદ અલી

60. ૧૮૬૦માં કયા પ્રખ્યાત બંગાળી લેખકે બ્રિટિશ ઉત્પાદકો દ્વારા થતા શોષણનું નિરૂપણ કરતી કૃતિ 'નીલદર્પણ'ની રચના કરી હતી ?

(A) દીનબંધુ મિત્ર

(B) બંકીમચંદ્ર ચેટરજી

(C) અક્ષયકુમાર દત્ત

(D) બિપિનચંદ્ર પાલ

61. સ્વામી દયાનંદ સરસ્વતીએ કોની સૂચનાથી પોતાના ઉપદેશની ભાષા તરીકે હિંદીનો સ્વીકાર કર્યો હતો ?

(A) બનારસના મહારાજા

(B) દેવેન્દ્રનાથ ટાગોર

(C) કેશવચંદ્ર સેન

(D) આત્મારામ પાંડુરંગ

62. Who founded the Veda Samaj ?

(A) M. G. Ranade

(B) K. Sridharalu Naidu

(C) R. G. Bhandarkar

(D) Narayan Guru

62. વેદ સમાજની સ્થાપના કોણે કરી હતી ?

(A) એમ. જી. રાનડે

(B) કે. શ્રીધરાલુ નાયડુ

(C) આર. જી. ભાંડારકર

(D) નારાયણ ગુરુ

63. Who was associated with the Faraizi Movement (1804-1860) ?

(A) Haji Shariatullah

(B) Sir Syed Ahmed Khan

(C) Shah Waliullah of Delhi

(D) Bahadur Shah II

63. ફરાઈઝી ચળવળ (૧૮૦૪–૧૮૬૦) સાથે કોણ સંકળાયેલું હતું ?

(A) હાજી શરીઅતુલ્લા

(B) સર સૈયદ અહમદખાન

(C) દિલ્હીના શાહ વલીઉલ્લાહ

(D) બહાદુરશાહ–૨

64. Who was the first woman president of the Indian National Congress ?

(A) Mrs. Ramabai Ranade

(B) Mrs. Kamala Nehru

(C) Mrs. Rameshwari Nehru

(D) Mrs. Annie Besant

64. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં પ્રથમ મહિલા પ્રમુખ કોણ હતાં ?

(A) શ્રીમતી રમાબાઈ રાનડે

(B) શ્રીમતી કમલા નેહરુ

(C) શ્રીમતી રામેશ્વરી નેહરુ

(D) શ્રીમતી એની બેસન્ટ

65. "The grip of the caste organization on the peasantry has to be broken if they are to be organized as a class." Who made this statement ?

(A) S. A. Dange

(B) E. M. S. Namboodripad

(C) Dr. B. R. Ambedkar

(D) Subhash Chandra Bose

65. ''જો તેમને એક વર્ગ તરીકે સંગઠિત કરવા હોય તો કિસાનવર્ગ પરથી જ્ઞાતિ સંસ્થાની પકડ તોડવી પડશે.'' આ વિધાન કોણે કર્યું હતું ?

(A) એસ. એ. ડાંગે

(B) ઈ. એમ. એસ. નામ્બૂદ્રીપાદ

(C) ડો. બી. આર. આંબેડકર

(D) સુભાષચંદ્ર બોઝ

66. In which place were the Sessions of the Congress and the Muslim League simultaneously held in 1916 ?

(A) Delhi

(B) Karachi

(C) Lucknow

(D) Lahore

66. ૧૯૧૬માં કયા સ્થળે કોંગ્રેસ અને મુસ્લિમ લીગનાં અધિવેશનો સમાંતરે ભરાયાં હતાં ?

(A) દિલ્હી

(B) કરાંચી

(C) લખનૌ

(D) લાહોર

67. The decision to boycott the Simon Commission was taken in the Congress Session held at Madras in 1927 under the Presidentship of :

(A) Mahatma Gandhi

(B) Lala Lajpat Rai

(C) Hamid Ansari

(D) Sardar Patel

67. ૧૯૨૭ માં મદ્રાસ ખાતે કોના પ્રમુખપણા નીચે ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં સાયમન કમિશનના બહિષ્કારનો નિર્ણય લેવાયો હતો ?

(A) મહાત્મા ગાંધી

(B) લાલા લાજપતરાય

(C) હમીદ અન્સારી

(D) સરદાર પટેલ

68. Which of the following is in the *correct* chronological order ?

(A) Wavell Plan, C. R. Formula, August Offer, Desai-Liaqat Ali Pact

(B) Desai-Liaqat Ali Pact, Wavell Plan, C. R. Formula, August Offer

(C) C. R. Formula, August Offer, Desai-Liaqat Ali Pact, Wavell Plan

(D) August Offer, C. R. Formula, Desai-Liaqat Ali Pact, Wavell Plan

68. નીચેનામાંથી કયો ક્રમ કાલગણનાની દૃષ્ટિએ સાચો છે ?

(A) વૅવેલ પ્લાન, સી. આર. ફોર્મ્યુલા, ઓગસ્ટ ઑફર, દેસાઈ-લિયાકત અલી પૅક્ટ

(B) દેસાઈ-લિયાકત અલી પૅક્ટ, વૅવેલ પ્લાન, સી. આર. ફોર્મ્યુલા, ઓગસ્ટ ઑફર

(C) સી. આર. ફોર્મ્યુલા, ઓગસ્ટ ઑફર, દેસાઈ-લિયાકત અલી પૅક્ટ, વૅવેલ પ્લાન

(D) ઓગસ્ટ પ્લાન, સી. આર.ફોર્મ્યુલા, દેસાઈ-લિયાકત અલી પૅક્ટ, વૅવેલ પ્લાન

69. Leading Indian industrialists prepared the Bombay Plan during the years :

(A) 1943-44

(B) 1944-45

(C) 1946-47

(D) 1947-48

70. When was the territory of Goa liberated from the Portuguese control ?

(A) 1956

(B) 1960

(C) 1961

(D) 1963

71. Humanism made its most impressive contribution in :

(A) Science

(B) Recovery of ancient texts

(C) Philosophy

(D) Language and rhetoric

69. ભારતના આગેવાન ઉદ્યોગપતિઓ દ્વારા કયાં વર્ષો દરમ્યાન બોમ્બે પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો ?

(A) 1943-44

(B) 1944-45

(C) 1946-47

(D) 1947-48

70. ગોવા પ્રદેશ પોર્ટુગીઝ અંકુશ નીચેથી કયારે મુક્ત કરાયો ?

(A) 1956

(B) 1960

(C) 1961

(D) 1963

71. માનવતાવાદનું સૌથી અસરકારક પ્રદાન કયા ક્ષેત્રે હતું ?

(A) વિજ્ઞાન

(B) પ્રાચીન કૃતિઓની પુનર્લબ્ધિ

(C) તત્વજ્ઞાન

(D) ભાષા અને અલંકાર

72. One of the greatest patrons of the early renaissance was :

(A) Niccolo Machiavelli

(B) Cosimo de Medici

(C) Martin Luther

(D) Giovanni Boccaccio

72. પુનર્જાગૃતિના પ્રારંભકાળના સૌથી મહાન આશ્રયદાતાઓમાંનો એક કોણ હતો ?

(A) નીકોલો માકીઆવેલી

(B) કોસીમો દ મેદીચી

(C) માર્ટીન લૂટર (લ્યુથર)

(D) જીઓવાની બોકાચીઓ

73. The term 'Iron Curtain' was first used to describe Russian Policy in Eastern Europe by :

(A) Franklin D. Roosevelt

(B) Harry Truman

(C) Winston Churchill

(D) Dwight D. Eisenhower

73. પૂર્વ યુરોપમાં રશિયન નીતિને દર્શાવતા શબ્દ ''લોખંડી પડદા''નો સૌ પ્રથમ ઉપયોગ કોના દ્વારા થયો હતો ?

(A) ફ્રેંકલિન ડી. રોઝવલ્ટ

(B) હેરી ટ્રુમન

(C) વિન્સ્ટન ચર્ચિલ

(D) ડવાઇટ ડી. આઇઝનહોવર

74. Who remarked that 'the subject of history is history itself' ?

(A) Michael Oakeshott

(B) Henri Pirenne

(C) Benedetto Croce

(D) Rainer Rilke

75. Match the philosophers in List I with the countries given in List II and choose the *correct* answer from the codes given below it :

| **List I (Philosophers)** | | **List II (Countries)** |
|---|---|---|
| (*i*) John Locke | (1) | Holland |
| (*ii*) Benedict Spinoza | (2) | France |
| (*iii*) Gottfried Leibniz | (3) | England |
| (*iv*) Anne Turgot | (4) | Germany |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (1) | (2) | (4) |
| (B) | (3) | (1) | (4) | (2) |
| (C) | (2) | (3) | (1) | (4) |
| (D) | (2) | (4) | (3) | (1) |

74. 'ઇતિહાસનું વિષયવસ્તુ ઇતિહાસ પોતે છે' તેમ કોણે કહેલું ?

(A) માઇકલ ઓકશોટ

(B) એંરી પિરેન

(C) બેનેદેત્તો ક્રોચે

(D) રાઇનર રિલ્કે

75. યાદી I માં દર્શાવેલા તત્વચિંતકને યાદી IIમાં દર્શાવેલા તેમના દેશ સાથે સરખાવી સાચો જવાબ આપો :

| **યાદી I** | | **યાદી II** |
|---|---|---|
| (*i*) જૉન લૉક | (1) | હોલેન્ડ |
| (*ii*) બેનીડિક્ટ સ્પીનોઝા | (2) | ફ્રાન્સ |
| (*iii*) ગોટફ્રીડ લાઇબનિત્સ | (3) | ઇંગ્લેન્ડ |
| (*iv*) આન તુર્ગો | (4) | જર્મની |

**કોડ :**

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (3) | (1) | (2) | (4) |
| (B) | (3) | (1) | (4) | (2) |
| (C) | (2) | (3) | (1) | (4) |
| (D) | (2) | (4) | (3) | (1) |

ROUGH WORK

SEAL